# કીડીઓની એકતા

— કુમુદ કુમાર

એક હતી ચિન્ની કીડી. તે ખૂબ મહેનતુ હતી. તનતોડ મહેનત કરીને તે પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતી હતી.

એક દિવસ ચિન્ની કીડી તેની પીઠ પર ચોખાનો દાણો લઈને આવતી હતી. અચાનક રસ્તામા તેને રેટુ ઉદર મળી ગયો. રેટુ ઉદર ખૂબ આળસુ અને કામચોર હતો. તે આખો દિવસ કઈ જ કરતો નહોતો. તે હમેશા બીજાનો માલ હડપવાના લાગમા રહેતો હતો.

''અરે ચિન્ની, આટલુ વજન ઉઠાવીને કેમ જઈ રહી છે ? આની નીચે દબાઈને મરવાનો વિચાર છે કે શુ ?'' રેટુએ ચિન્નીને પીઠ પર ચોખાનો દાણો લઈ જતી જોઈને કહ્યુ.

''ચુપ થા રેટુ, જાતે તો કઈ કરતો નથી અન બીજાને પણ મહેનત કરતા રોકે છે ?'' ચિન્નીએ તેને ધમકાવતા કહ્યુ.

''ચિન્ની, હુ તને મહેનત કરવાની ના નથી પાડતો. તુ ખૂબ મહેનત કર. તારી મહેનતથી જ તો અમારા જેવા કામચોરોનુ પેટ ભરાય છે. તુ મહેનત નહીં કરે, તો અમારા જેવા કામચોર શુ ખાશે ?'' રેટુએ ચિન્નીની મહેનતની મજાક ઉડાવતા કહ્યુ.

''જા મહેનતુ ચિન્ની, હવે જા અને તારા બચ્ચા માટે બીજા દાણા લઈ આવ, નહીં તો આજે તારા બચ્ચા ભૂખે મરશે. તુ તો ખૂબ મહેનતુ છે ને, કેમ ?'' એટલુ કહીને ચિન્ની કીડીની પાઠ પર મૂકેલો ચોખાનો દાણો રેટુએ છીનવી લીધો અને પોતે ચટ કરી ગયો.

રેટુની આ હરકત પર ચિન્નીને ખૂબ ગુસ્સો આવ્યો, પણ રેટુની તાકાત સામે નાનકડી ચિન્ની શુ કરી શકવાની હતી. અત્યારે તો તે જીવ બાળતી રહી ગઈ અને બદમાશ રેટુ ચોખાનો દાણો ચટ કરીને આગળ ચાલ્યો ગયો.

તે દિવસે તો ચિન્ની ફરી બીજો દાણો શોધી લાવી, પણ તેણે રેટુને પાઠ ભણાવવાનો મક્કમ નિર્ણય કરી લીધો હતો.

બીજા દિવસે ચિન્નીની પાડોશણ મિન્ની કીડી રડતારડતા પોતાના ઘરે પાછી આવી, જ્યારે ચિન્નીએ રડવાન કારણ પૂછ્ય તો મિન્નીએ કહ્યુ.

''શુ કહુ, બહેન ચિન્ની ? આજે હુ ખૂબ મહેનત કરીને મારા બચ્ચા માટે ગોળનો ટુકડો પીઠ પર મૂકીને લાવી રહી હતી. રસ્તામા રેટુ મળ્યો અને તેણે મારો ગોળનો ટુકડો પડાવી લીધો.

હવે હુ મારા બચ્ચાને શુ ખવડાવીશ ? અત્યારે તો રાત પડી ગઈ છે. હવે હુ મારા બચ્ચા માટે ભોજન ક્યાથી લાવુ ?''

આ સાભળીને ચિન્નીને ખૂબ દુઃખ થયુ, પણ અત્યારે તો રેટુનુ કઈ બગાડી શકાય એમ નથી.

'બહેન મિન્ની, તુ ચિતા ન કર. આજે તમે બધા મારા ઘરે જમી લો. જરૂર પડે ત્યારે પાડોશી જ પાડોશીને કામ લાગે છે. રેટુને આપણે પછી પાઠ ભણાવીશુ.'' ચિન્નીએ દુઃખી મિન્નીને સાત્વન આપતા કહ્યુ.

તે દિવસે મિન્ની અને તેના બચ્ચા ચિન્ની કીડીના ઘરે જ જમ્યા.

આમ ને આમ દિવસે ને દિવસે દુષ્ટ રેટુના કારનામા વધવા લાગ્યા હવે તો તે કીડીઓના ઘરની આજુબાજુ ગમે ત્યારે ટપકી પડતો. પછી તે કીડીઓ પાસેથી તેમના અનાજના દાણા, મીઠાઈના ટુકડા, ગોળના ટુકડા વગેરે ખાવાપીવાની વસ્તુઓ પડાવીને મોજથી ખાતો.

ત્યા રહેતી બધી કીડીઓ રેટુની હરકતોથી ખૂબ હેરાન પરેશાન થઈ ગઈ હતી. પણ તેઓ એકલી રેટુનુ કઈ જ બગાડી શકે એમ નહોતી. ત્યારે ચિન્ની તે બધી કીડીઓને લઈને મહારાણી મધુલિકા પાસે પહોચી. કીડીઓની મહારાણી મધુલિકાએ તે બધાનુ સાભળ્યુ. તે સમજી ગઈ કે આ બધી કીડીઓ રેટુ ઉદરથી ખૂબ પરેશાન છે.

ત્યારે મહારાણી મધુલિકાએ કહ્યુ, ''બહેનો, આપણો દુશ્મન ભલે ને શક્તિશાળી કેમ ન હોય,



આપણે બધાએ સાથે મળીને તેનો સામનો કરવો જ પડશે. મારી શાહી સેનાને તમારે બધાએ સાથ આપવો પડશે. શુ તમ બધા એ માટે તૈયાર છો ?''

''મહારાણી, જો આપણે આપણા રક્ષણ માટે એક થઈને નહીં લડીએ, તો આપણો શક્તિશાળી દુશ્મન આપણને બધાને ભૂખે મરવા માટે મજબૂર કરી દેશે. ભૂખથી મરવાના બદલ, આપણે આપણા રક્ષણ માટે લડીને મરીએ એ વધારે સારુ.'' ચિન્નીએ કહ્યુ.

ચિન્નીની હિમતભરી વાતો સાભળીને મહારાણી મધુલિકાની હિમત વધી ગઈ. ''ચિન્ની, તુ ખરેખર બહાદુર છે. હુ વચન આપુ છે કે રેટુ સાથેની લડાઈમા જે પણ કીડીઓ શહીદ થશે, તેમના બચ્ચાના ઉછેરની જવાબદારી રાજદરબાર તરફથી પૂરી કરવામા આવશે અને હુ જાતે તેમની રક્ષક બનીશ.'' મહારાણીએ કહ્યુ.

પછી તો બીજા દિવસે કીડીઓએ રેટુ સામે યુદ્ધની તૈયારી કરી દીધી. રેટુ જેવો ત્યા આવ્યો, કીડીઓએ ઢોલ–નગારા વગાડીને યુદ્ધનુ એલાન કરી દીધુ. તમામ કીડીઓ ભાલા અને તલવાર લઈને રેટુ સાથે યુદ્ધ કરવા નીકળી પડી.

રેટુએ જોયુ કે કીડીઓની સેના ઝડપથી તેની બાજુ આગળ વધી રહી છે. આજે તેમની પાસે ખાણી–પીણીની વસ્તુઓની જગ્યાએ નાના–નાના ભાલાને તલવાર હતા. કીડીઓની સેના જેવી રેટુની નજીક પહોચી, રેટુએ પોતાના પજાથી આગળ ચાલતી શાહી સેનાને હવામા ઉડાડી દીધી.

પણ આ શુ ? જે પજાથી રેટુએ શાહી સેનાના સૈનિકો હવામા ઉડાડયા હતા, તે પજા પર કેટલાક શાહી સૈનિકો મજબૂતાથી ચોટી ગયા. તેમણે રેટુના પજા પર આક્રમણ કર્યું. રેટુ તેમનાથી પીછો છોડાવે એ પહેલા તો પાછળથી આવતી કેટલીય કીડીઓએ તેના પર ચારેબાજુથી આક્રમણ કરી દીધુ.

કેટલીક કીડીઓએ તેની પૂછડી પર આક્રમણ કર્યું. કેટલીકે પીઠ અને પેટ પર. કેટલીકે તેના હાથ અને પગ પર, તો કેટલીકે તેના નાક, મો અને કાન પર. કીડીઓના ભાલાનો માર અને તેમના ચટકાથી રેટુ પીડાનો માર્યો કણસવા લાગ્યો.

રેટુએ કીડીઓથી છુટકારો મેળવવા માટે ખૂબ પ્રયત્ન કર્યો પણ કીડીઓએ તેને ન છોડયા. હવે રેટએ ત્યાથી ભાગવામા જ પોતાની ભલાઈ સમજી. કારણ કે હુમલાખોર કીડીઓની સખ્યા સતત વધી રહી હતી. કીડીઓની સગઠિત શક્તિ સામે તેની તાકાત ઓછી પડી ગઈ.

કીડીઓથી છુટકારો મેળવવા માટે રેટુ ત્યાથી ભાગ્યો, પણ જે કીડીઓ તેના શરીર પર ચોટી ગઈ હતી, તેમણે તેને ન છોડયા. તે બધી જ કીડીઓ સતત ચટકા ભરીને રેટુને જખમી કરતી રહી.

કીડીઓના ચટકા ભરવાથી રેટુની હાલત ઘણી ખરાબ હતી. કીડીઓથી પીછો છોડાવવા માટે તે પાણીમા કૂદી ગયો, ધૂળમા આળોટી ગયો, પણ જાણે કીડીઓએ તો શરીરથી છૂટા ન પડવાના સમ લીધા હતા.

રેટુના શરીરમા પીડા થવા લાગી અને ભાલા ભોકાવા લાગ્યા હતા. એક પથ્થર પર બેસીને તે પોતાના શરીર પરથી એક–એક કીડીને દૂર કરવા લાગ્યો, પણ અત્યાર સુધીમા કીડીઓએ તેની ચટકા ભરી–ભરીને હાલત ખરાબ કરી મૂકી હતી. કીડીઓના ચટકા ભરવાથી તેનુ પૂરુ શરીર સૂજી ગયુ હતુ.

રેટુ માટે તો જીવ બચ્યો તે જ ઘણી મોટી વાત હતી. તે પછી તેણે કોઈ કીડીને હેરાન કરવાની હિમત ન કરી. કીડીને આજુબાજુમા જોઈને તે ઊભી પૂછડીએ ભાગી જતો. કીડીઓની એકતાની શક્તિનો પરચો તેણે જોઈ લીધો હતો. હવે તો તે બાજુ જતા જ તેને કપારી છૂટી જતી હતી.

■